## સકલાણા પ્રાથમિક શાળાનો વિવાદ વધુ વકરતો જાય છે

# નિર્ણય નહીં આવે ત્યાં સુધી ગ્રામજનો દ્વારા બહિષ્કાર કરાયો

### સકલાણામાં સોમવારે પણ વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્યથી અળગા રખાયા : ગ્રામજનો અને વાલીઓ મક્કમ બીજા પ્રજ્ઞાચક્ષુ શિક્ષકની બદલી ન કરાય તો તમામ વિદ્યાર્થીઓના એલ.સી. લઇ લેવા વાલીઓની ચિમકી




વડગામ તાલુકાના સકલાણા પ્રાથમિક શાળાનો વિવાદ દિવસે દિવસે વકરતો જાય છે. શનિવાર બાદ સોમવારના પણ તમામ વિધાર્થીઓ ને શિક્ષણ કાર્ય થી ગ્રામજનો અને વાલીઓ એ અળગા રાખ્યા હતા શિક્ષણ વિભાગ દ્વારા બુધવાર સુધી નિકાલ લાવવા માગ કરવામાં આવી છે અચોક્કસ મુદત સુધી શાળા માં વિધાર્થીઓ ને શિક્ષણ કાર્ય થી અળગા રખીને બહિષ્કાર કરવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે

સકલાણા પ્રાથમિક શાળામાં છેલ્લા ત્રણ વર્ષથી એક પ્રજ્ઞાચક્ષુ શિક્ષક ફરજ બજાવી રહ્યા છે શાળા માં શિક્ષકની ઘટ હોવાથી શિક્ષણ વિભાગના સત્તાધીશો દ્વારા વડગામના રજોસણા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને સકલાણા પ્રાથમિક શાળામાં મુકાતાં ગ્રામજનો દ્વારા એક પ્રજ્ઞાચક્ષુ શિક્ષક હોવાથી બીજાને ન મુકવા રજૂઆતો કરાઇ હતી પરંતુ શિક્ષણ વિભાગ ના સત્તાધીશો ગ્રામજનોની માંગણીને અવગણી ને પોતાનું ધાર્યું કરીને સકલાણા પ્રાથમિક શાળામાં પ્રજ્ઞાચક્ષુ શિક્ષક મુકાતાં ગ્રામજનોમાં વિવાદ સર્જાયો છે એક શાળા માં બે પ્રજ્ઞાચક્ષુ શિક્ષક મુકાતાં વિધાર્થીઓના શિક્ષણ પર સવાલો ઉભા થયાછે? ગ્રામજનો દ્વારા અન્ય શિક્ષકને મુકવા રટણ કરતાં શિક્ષણ વિભાગના સત્તાધીશો સાંભળતા જ નથી જેના કારણે ગ્રામ જનો તંત્ર સામે રોષે ભરાયાં છે અને વિધાર્થીઓને શાળાથી અળગા રાખીને વિરોધ દર્શાવી રહ્યા છે શાળાની બહાર ગેટ ઉપર સ્પષ્ટ કોલસા થી લખાયું છે કે અચોક્કસ મુદતનો શૈક્ષણિક બહિષ્કાર તેવું વાલી મંડળ અને ગ્રામજનો દ્વારા લખવામાં આવ્યું છે.

**એક શાળામાં એક પ્રજ્ઞાચક્ષુ શિક્ષક મુકવાની સરકારની સ્પષ્ટ સુચના હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા કેમ અમલ કરાતો નથી ? સરકારની પણ અવગણના સરકારી બાબુઓ કરી રહ્યા હોવાના આક્ષેપ ગ્રામજનોએ કરી રહ્યા છે**

# ધાનેરા વિસ્તાર રાયડાની ખરીદીને લઇ ખેડૂતોએ હોબાળો મચાવ્યો

### ખેડૂતો રસ્તા પર ઉતારી આવતા ટ્રાફિકજામ

ધાનેરા વિસ્તાર રાયડાની ખરીદીને લઈ ખેડૂતો એ હોબાળો મચાવ્યો હતો અને ખેડૂતો રસ્તા પર ઉતરી આવી ટ્રાફિકજામ કર્યો હતો સ્થાનિક પોલીસ મામલતદાર અને નાયબ કલેકટર ની ટીમે પણ ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક ખુલ્લો કરાવવા માટેની તજવીજ હાથ ધરી છે.

સરકારે જ્યારથી ટેકાના ભાવે રાયડા ની ખરીદી ની વાત કરી છે ત્યારથી ધાનેરા વિસ્તારના ખેડૂતોને અવારનવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે જ્યારે વાત હતી રજિસ્ટરની ત્યારે પણ પોલીસે નિર્દોષ અને વૃદ્ધ ખેડૂત પર લાઠીઓ વરસાવી હતી





તે બાદ આજે પણ જ્યારે ખેડૂતો ખૂબ જ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે ધાનેરાના સામરવાડા ગામ નજીક આવેલા રાયડાની ખરીદી ચાલુ છે લાંબા સમયથી ખેડૂતો ખૂબ જ મુશ્કેલી નો સામનો કરી રહ્યા છે ને હેરાન થઈ રહ્યા છે ત્યારે આજે રાયડા ખરીદી કેન્દ્ર પર અધિકારીઓ દ્વારા મનમાની ચલાવતા ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળે તેની ખેડૂતો રસ્તા પર ઉતરી આવતા હોબાળો મચ્યો હતો ખેડૂતો રસ્તા પર ઉતરી આવતા વાહન વ્યવહાર અટવાયો હતો અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા આ બાબતની જાણ થતા સ્થાનિક તંત્ર પણ દોડતું થયું હતું અને સ્થાનિક પોલીસ મામલતદાર અને નાયબ કલેકટર ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે આવી ખેડૂતોને સમજાવ્યા હતા અને ટ્રાફિક ખુલ્લો કરવાની તજવીજ હાથ ધરી હતી રાયડા ખરીદી કેન્દ્ર



પર નિલેશભાઈ પટેલ નામના અધિકારીની નિમણૂક કરવામાં આવી છે તો ખેડૂતો પણ નિલેશભાઈ નામના અધિકારી પર આક્ષેપ કરી રહ્યા છે અને જણાવી રહ્યા છે કે આ અધિકારી ખેડૂતોને અપશબ્દો અને ગાળો બોલી ખેડૂતો સાથે ખૂબ જ ઓરમાયું વર્તન કરે છે તો બીજી તરફ અત્યારે ધાનેરામાં ચોરે ને ચોટે એ પણ વાત સાંભળવા મળી રહી છે કે આ અધિકારી રાત્રીના સમય માર્કેટમાંથી રાયડાની ખરીદી કરી તેના વેરાઈ સરકારની પધરાવી લાખો રૂપિયાનું કૌભાંડ કરી રહ્યા છે જો તંત્ર આ બાબતે પણ તપાસનો દોર ચલાવે તો મસમોટું કૌભાંડ હોવાની શંકાઓ સેવાઈ રહી છે અત્યારે તો ખેડૂતો આવા અધિકારીઓની મનમાની સામે ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને રસ્તા પર ઉતરી આવે છે ત્યારે હવે જોવાનું એ રહેશે કે તંત્ર આવા અધિકારી સામે ક્યારે કાયદેસરના પગલાં પાડે છે.

## વડગામમાં ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સદસ્યતા અભિયાન

વડગામમાં આવેલી આઈ.ટી.આઈ.માં અખિલ ભારતીય વિધાર્થી પરિષદ વડગામ શાખા દ્વારા સોમવારે સદસ્યતા અભિયાન કરવામાં આવ્યું.જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓ છમ્ર્ફ઼ઁ ની સદસ્યતા મેળવી હતી.જેમાં આશિષભાઈ અને તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## ડીસામાં શાંતિ સમિતિની બેઠક

ડીસામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિના નેજા હેઠળ અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની શોભાયાત્રા નિકળનાર છે જે શોભાયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પોલીસ તંત્ર દ્વારા ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી જેમાં.હિન્દૂ મુસ્લિમ આગેવાનો હાજર રહ્યા હતા જેમને પોલીસે શોભાયાત્રા દરમ્યાન કોઈ અણબનાવ ન બને અને શાંતિ તેમજ એખલાસ જળવાઈ રહે તેની કાળજી રાખવા અનુરોધ કર્યો હતો.

# ભિલોડાના ભાણમેર ગામે બંધ થ્રી ફેજ લાઈન મુદ્દે ખૂની ખેલ ખેલાયો

### મોટા ભાઈએ નાના ભાઈની હત્યા કરતા ચકચાર

જર,જમીન અને જોરૂના ઝગડામાં અનેક રક્ત રંજીત ઘટનાઓ બની છે ત્યારે લાઈટ બંધ





મુદ્દે હત્યાનો પહેલો બનાવ અરવલ્લી જીલ્લામાં બનતા ચકચાર મચી હતી ભિલોડા તાલુકાના ભાણમેર ગામે રહેતા આદિવાસી પરિવારમાં થ્રી ફેજ લાઈન બંધ હોવાથી મોટા ભાઈએ નાના ભાઈ પર લાઈટ બંધ છે તો કેમ કઈ કરતો નથી કહી ઉશ્કેરાઈ ગાળો બોલી લાકડી વડે -ણ ઘાતક હુમલો કરતા ગંભીર ઈજાગ્રસ્ત નાના ભાઈનું સારવાર દરમિયાન મોત નિપજતા હાહાકાર મચ્યો હતો ભિલોડા પોલીસે મોટા ભાઈ સામે હત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મોટા કાકાએ જ પિતાની હત્યાના પગલે બે માસુમ બાળકોએ છત્રછાયા ગુમાવી પડી હતી.

ભિલોડાના ભાણમેર ગામે થ્રી ફેજ લાઈટના પુરવઠાના અભાવે ગામમાં રક્તરંજિત ખૂની ખેલ ખેલાયો હતો એસટી ખાતામાં નોકરી કરતા અરવિંદ બાબુભાઈ બરંડાએ રવિવારે સાંજે નજીકમાં રહેતા અને ખેતમજૂરી કરી જીવન નિર્વાહ ચલાવતા નાના ભાઈ શૈલેષભાઈ અને તેની પત્ની સાથે રવિવારે અગમ્ય કારણોસર થ્રી ફેજ લાઈટ બંધ હોવાથી ઝગડો કરી બિભસ્ત ગાળો બોલતા શૈલેષભાઈએ ગાળો બોલવાની ના પાડતા અરવિંદ બરંડાએ ઉશ્કેરાઈ જઈ હાથમાં રહેલી લાકડીના ઘા ઝીંકતા શૈલેષભાઈને બચાવવા તેમની પત્ની વચ્ચે પાડતા તેમના પર લાકડી વડે હુમલો કરતા આશાબેનને પણ સામાન્ય ઈજાઓ પહોંચી હતી ઝગડાએ ગંભીર સ્વરૂપ ધારણ કરતા આજુબાજુમાંથી લોકો દોડી આવતા અરવિંદ બરંડા ફરાર થઈ ગયો હતો.

મોટા ભાઈના લાકડીના - હાર થી ગંભીર ઈજાગ્રસ્ત શૈલેષભાઈ બરંડાને ખાનગી વાહન મારફતે તાત્કાલિ ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમિયાન શૈલેષ ભાઈનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી શૈલેષભાઈના મોતના પગલે મોટી સંખ્યામાં મૃતક યુવકના પરિવારજનો અને સગા-સંબંધીઓના ટોળેટોળા હોસ્પિટલમાં ઉમટ્યા હતા ભિલોડા પોલીસે મૃતક યુવકના મૃતદેહને પીએમ માટેની કાર્યવાહી હાથધરી ભિલોડા પોલીસે મૃતક યુવાનની પત્ની આશાબેન શૈલેષ ભાઈ બરંડાની ફરિયાદના આધારે અરવિંદભાઈ બાબુભાઈ બરંડા વિરુદ્ધ હત્યાનો ગુન્હો નોંધી ફરાર હત્યારાને અંબાજી બસ ડેપો માંથી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

# વિજયનગર તાલુકાના દંતોડ ગામના વય નિવૃત્ત થતાં આચાર્યનો વિદાય સમારંભ

ભીલોડા, તા. ૧

વિગતવાર માહિતી આપતાં આચાર્ય વિજય પટેલે જણાવ્યું હતું કે વિજયનગર તાલુકા ના દંતોડ ગામના અને વિજયનગર આંજણા




ચૌધરી પટેલ સમાજના પ્રતિષ્ઠિત વ્યકિત્વ પ્રતિભા ધરાવતા આર. ડી. પટેલ સમાજ માં શ્રેષ્ઠ શિક્ષક તરીકે છેલ્લા ચોત્રીસ વર્ષ અવિરત ઉત્તમ સેવા આપી અને શિક્ષણ જગત માં કર્મનિષ્ઠ, દષ્ટિવંત, પારદર્શક, આચાર્ય શ્રી તરીકે ઉત્તમ સેવા આપી તા.૩૦-૦૬-૨૦૧૯ રવિવાર પવિત્ર દિવસે દિવસે જયારે નિવૃત થાઓ છો ત્યારે વિજયનગર ચૌધરી પટેલ સમાજ ગૌરવ ની લાગણી ઓ સાથે બહુમાન સન્માન સાથે અભિનંદન પાઠવ્યા હતા કારણ કે શિક્ષક ના વ્યવસાય સાથે સાથે કુટુંબમાં ગામમાં સમાજમાં અને અન્ય સમાજ ના જરૂરિયાત પરિવાર ને આર્થિક મદદ કરી ઉત્તમ માર્ગદર્શક આપી સેવા આપી છે અને સમાજ ના વિકાસ માટે વિજયનગર ખાતે એક એકર કરતા પણ વધુ જમીન નું દાન અર્પણ કરેલું છે.

તેથી વિશેષ શુભકામનાઓ છે.સાથે સાથે આજના નિવૃત્તિ શુભેચ્છા સન્માન સભારંભ કાર્યક્રમ માં શામળાજી નવા વક્તાપુર સંત શિરોમણિ પૂજ્ય લાલજી મહારાજે ખાસ હાજરી આપી આશિર્વાદ આપ્યા હતા તેમજ મુખ્ય મહેમાન તરીકે માન. તાલુકા પ્રાથમિક શિક્ષણાઅધિકારી શ્રી. બી. એન. ઢાઢી સાહેબશ્રી ખાસ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.તેમજ નિવૃત્ત અધિકારીશ્રી ઓ આજુબાજુ ગામના સરપંચશ્રી ઓ અને તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ ના પ્રમુખશ્રી મનોજભાઈ ગામેતી મંત્રી કે.બી પંચાલ.તેમજ વિવિધ હોદેદારો અને સમાજ ના અગ્રણીઓ અને વિવિધ તાલુકા અને અન્ય તાલુકા માંથી પધારેલા આમંત્રિત શિક્ષક મિત્રો સ્ટાફ દ્વારા બહુમાન થી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી અભિનંદન પાઠવ્યા હતા.

## લગ્ન દિનના ૩૦માં વર્ષના મંગલ પ્રવેશની ખુશીમાં ૩૦ વૃક્ષ વાવી આનંદ વ્યક્ત કર્યો

### પત્રકાર રાજુભાઇ જોષીએ વૃક્ષ વાવો પેઢી બચાવોનો સંદેશ આપ્યો

આજના યુગમાં પર્યાવરણને ધ્યાનમાં રાખીને વૃક્ષ વાવો પેઢી બચાવવાનો જાગૃતિ માટે પત્રકાર દ્વારા સંદેશ આપવામાં આવ્યો હતો ધાનેરા ડી.બી.પારેખ હાઈસ્કૂલ તથા વીએન સવાણી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ કરાયો પત્રકાર તેમજ તંત્રી શ્રી રાજુભાઈ જોષીના ૨૯ વર્ષ લગ્ન જીવન સુખ શાંતિથી પસાર થઈ ૩૦ માં વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે ત્રીસ વૃક્ષ વાવી . તેમજ બાળકોને ચોકલેટ વહેંચીઆનંદ વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે ધાનેરા ના મામલતદાર ખરાડી સાહેબ ડી.બી. પારેખ અને વી.એન સવાણી પ્રાથમિક શાળા નાં આચાર્ય શ્રી ચેનજી ભાઈ સોલંકી તથા જસવંતભાઈ જોષી. તથા રાજુભાઈ જોષી તથા તેમના પત્ની પુષ્પાબેન જોશી ..ફોરેસ્ટ અધિકારી .લાયન્સ પોપટલાલ ખત્રી .શાળાના શિક્ષકો શાળાની બહેનો ધાનેરાતંત્રી સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈસંઘવી મીડિયાના પત્રકાર મિત્રો.હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અને એક સંદેશ આપ્યો હતો કે આવા પ્રસંગની ઉજવણી વૃક્ષ વાવીને કરી ભવિષ્યની પેઢીનેલાભ થાય અને પર્યાવરણમાં દરેકને શુદ્ધ હવા મળે તેના માટે તમામ નાગરિકો વૃક્ષો વાવે તે માટે આ કાર્યક્રમા સંદેશ કરવામાં આવ્યો હતો.



વડગામ તાલુકાના અશોક ગઢ ગામમાં જળસંચય અંતર્ગત ગામનું વરસાદી પાણી ગામના ખાલીકુવામાં લઈ જવા માટે સમગ્ર ટીમ સાથે પાણી કેવી રીતે જમીન ઉતારી શકાય તે માટે બનાસકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય શ્રી અશ્વિન સક્સેના અને આરોગ્ય જી.પં. માંથી સ્વીટીબેન, વાસ્મોમાંથી પટેલ તેમજ સરપંચશ્રી અને બાબુભાઈ પરમાર, રણછોડભાઈ પરમાર, નરેશભાઈ પરમાર ગામ કુવા પાસે રૂબરૂ જઈ નિરિક્ષણ કર્યું અને આજની તાતી જરૂરીયાત પાણી છે માટે પાણીને બચાવવું પડશે. વરશાદી પાણીને સીમનું પાણી સીમમાં અને ગામનુ પાણી ગામમાં રાખવું જરૂરી છે જ્યાં કુવા ખાલી પડયા છે તેમાં ગામનું વરસાદી પાણીને એકત્ર કરીને ત્યાં ખાલી કુવામાં જવા દેવું જોઈએ જેથી ભૂગર્ભ તળ ઊંચા લાવવામાં સહભાગી બની શકાય. પાણી બચશે તો જ આપણું જીવન બચશે નહીતર આવનાર પેઢીને મોટુ નુકશાન વેઠવાનો વારો આવશે.

# પાલનપુરના જગાણા ગામે ચુડવેલોનો ત્રાસ

### આરોગ્ય ખાતા દ્વારા યોગ્ય પગલાં ભરાય તેવી માંગ

પાલનપુર

પાલનપુર તાલુકા સહિત જિલ્લાભરમાં હાલમાં ચુડવેલોના ત્રાસને કારણે લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. જેમાં પાલનપુર તાલુકાના જગાણા ગામે આવેલી અર્બુદાનગર સોસાયટીમાં તો ચૂડવેલો ઘરમાં ઘૂસી જતાં લોકોને ઘરમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે.



ચોમાસાની ઋતુનો પ્રારંભ થતાં જ વરસાદને કારણે જીવાતમાં પણ વધારો થઈ ગયો છે. જેમાં ઘરમાં રસોઈ બનાવતી વખતે આવી જેવા રસોઈમાં ન પડી જાય તે માટે ગૃહિણીઓને ભારે સાવચેતી રાખવી પડે છે. તેમાં હાલમાં પાલનપુર તાલુકામાં ચુડવેલોનો પણ અતિશય ઉપદ્રવ વધી જવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પાલનપુર તાલુકાના જગાણા ગામે આવેલી અર્બુદાનગર સોસાયટીમાં છેલ્લા કેટલાક દિવસથી ચૂડવેલોના અતિશય ઉપદ્રવથી લોકોને ઘરમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે. ઘરની દીવાલો પર તેમજ ઘરમાં ટિંગાટોળી ની જેમ ચૂડવેલો જથ્થાબંધ ઘરમાં ઘૂસી જતી હોય લોકોને રસોઈ બનાવવામાં પણ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ત્યારે આ બાબતની ગંભીર નોંધ લઈ જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા ચુડવેલોના ઉપદ્રવને અટકાવવા માટે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી જનમાંગ ઉઠવા પામી છે.

# મહેસાણા ખાતે ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક ડી. એમ. દવેનો વિદાય સમારંભ યોજાયો

મહેસાણા, તા. ૧

માહિતી ખાતામાં છેલ્લા ૩૭ વર્ષથી ફરજ બજાવી વયનિવૃત થતા ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક અને સહાયક માહિતી નિયામક ડી.એમ. દવેનો નિવૃતિ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે માહિતી પરીવારના કર્મયોગીઓ દ્વારા શ્રીફળ, સાકર આપી શાલ ઓઢાડી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. માહિતી ખાતાના કર્મયોગીઓએ ડી.એમ. દવેની ઓફિસમાં કામ કરવાની આગવી કુનેહ અને મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી હતી. ડી.એમ. દવેએ સફળ કામગીરી સાથે સંકલન જાળવી રાખ્યું હતું.

ડી.એમ. દવે ૧૯૮૨માં થરાદ ખાતે રેવન્યુ વિભાગમાં ત્યાર બાદ ૧૯૮૪માં માહિતી ખાતામાં જોડાયા હતા. તેઓએ થરાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, હિંમ્મતનગર, પાટણ, પાલનપુર, અમદાવાદ જિલ્લાઓમાં સુપેરે કામગીરી બજાવી છે. ડી.એમ. દવેએ જુનિયર કલાર્કથી લઇને સહાયક માહિતી નિયામક સુધી પ્રમોશન મેળવી ઉત્તરોત્તર પ્રગતિ કરી હતી. મહેસાણા ખાતે છેલ્લા વર્ષોથી ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક તરીકે કામગીરી પત્રકારો અને વહીવટીતંત્ર સાથે સંકલન જાળવી રાખ્યું હતું.

જિલ્લા માહિતી કચેરી પરીવારે તેમના સારા સ્વાસ્થય અને નવીન જીંદગીની શરૂઆતની શુભકામનાઓ પાઠવી હતી. તેમના દિર્ધાયુ અને નિવૃત બાદના જીવનમાં સારૂ સ્વાસ્થય રહે તે માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

## મહેસાણા જિલ્લામાં ડિજિટલ ઈન્ડિયાની ચોથી વર્ષગાંઠ યોજાઈ

મહેસાણા, તા. ૧

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પહેલી જુલાઈ ૨૦૧૫ ના રોજ કાર્યક્રમ શરૂ કરાયેલો હતો. જેની ઉજવણી દર વર્ષે સમગ્ર ભારતમાં કરવામાં આવી રહી છે. મહેસાણા જિલ્લામાં એમ.એન. કોલેજ વિસનગર ખાતે ડિજિટલ ઈન્ડિયા જાગરૂકતા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૨૦૦ વિદ્યાર્થીઓની સાથે પ્રોફેસરે પણ ભાગ લીધો હતો.